**મતદાર ભાઈઓ અને બહેનો,**
**નમસ્તે.**

લોકશાહી નો ઉત્સવ એટલેજ આવનારી ૨૦૧૯ ની લોકસભા ની ચૂંટણી.

આપ સૌએ ૨૦૧૪ માં ઉત્તર મુંબઈ મતદાર સંઘ માં થી તમારા સાંસદ રૂપે ગોપાલ શેટ્ટીજી ને પ્રચંડ બહુમત થી વિજયી બનાવ્યા હતા.

આપણે મહારાષ્ટ્રમાં પ્રથમ સ્થાને અને દેશ માં ઉલ્લેખનીય સ્થાને આવી સૌથી વધુ મત થી વિજય પ્રાપ્ત કર્યો હતો. વડાપ્રધાન માનનીય નરેન્દ્ર મોદીજી ના નેતૃત્વ માં સરકાર ની સ્થાપના બાદ છેલ્લા ૫ વર્ષ માં સંપૂર્ણ દેશ માં વિકાસ ના અનેક કાર્યો ની શરૂઆત કરી અને લોકસભા માં આપણા પ્રતિનિધિ તરીકે ઉત્તર મુંબઈ માં પણ ધડાકાબંધ વિકાસ ના કામોની શરૂઆત કરી.

રેલ્વે, મૂળભૂત સુવિધા (ઈન્ફ્રાસ્ટ્રકચર) કેન્દ્ર સરકાર ની યોજનાઓ, સામાન્ય માણસ ની સમસ્યા અને તે દૂર કરવા માટે કેન્દ્ર સરકાર ની અનેક યોજનાઓ ના માધ્યમ થી ગોપાલ શેટ્ટી એ પ્રમાણિકપણે પ્રયત્ન કર્યા છે.

“આકાશ માં ઉડતા પક્ષી નું ધ્યાન જેમ માળા માં રહેલા બચ્ચા પ્રત્યે હોય છે” તેજ પ્રકારે ગોપાલ શેટ્ટી ની લોકસભા માં ૧૦૦ % હાજરી અને ૧૦૦ % ઉત્તર મુંબઈ ની જનતા ની સેવા માટે તેઓ ઉપલબ્ધ રહ્યા.

ઉત્તર મુંબઈ લોકસભા ક્ષેત્ર માં તમામ રેલ્વે સ્ટેશન પર વિકાસ કાર્ય ચાલુ જ છે. રેલ્વે સ્ટેશન ના નૂતનીકરણ બાદ બોરીવલી, દહિસર, કાંદિવલી, મલાડ સ્ટેશન પર અનેક સુવિધાઓ નું કામ ચાલુ છે. સામાન્ય માણસ ને જે વાત સપના જેવી લાગે પરંતુ સ્ટેશનો પર એસ્કેલેટર, આધુનિક લિફ્ટ, પ્લેટફોર્મ ની બહાર આવવા માટે ના નવા માર્ગ, સ્ટેશનો પર વિશાળકાય પંખા લગાવી અનેક સુવિધાઓ આપી છે. હાર્બર લાઈન નો વિસ્તાર બોરીવલી સુધી થવો જોઈએ એ માટે ગોપાલ શેટ્ટી એ અનેક પત્ર વ્યવહાર કર્યા છે અને ૨૦૨૦ સુધી માં હાર્બર લાઈન ની સેવા મલાડ સ્ટેશન સુધી ઉપલબ્ધ કરવા માં આવશે.

કોકણ અને પશ્ચિમ મહારાષ્ટ્ર જવા માટે ઉપનગર ના નાગરિકોને બોરીવલી સ્ટેશન થી ટ્રેન ની શરૂઆત કરાવવા માટે ગોપાલ શેટ્ટી ના પ્રયાસો અંતિમ તબક્કા માં છે. વસઈ, દીવા ખાતે નવા રેલ્વે માર્ગ નું કાર્ય પણ ઝડપ થી ચાલી રહ્યું છે.

ઉત્તર મુંબઈ માં સમુદ્ર કિનારે વસેલા સ્થાનિક ભૂમિપુત્રોને ન્યાય અપાવવા છેલ્લા ૫ વર્ષ મં મોટા પ્રમાણ માં વિકાસ ના કાર્ય થયા છે. સી.આર.ઝેડ. પ્રશ્ન નો નિકાલ આવતા મઢ, આક્સા એરંગલ વગેરે ગાવઠણ વિભાગ માં કોળી ભાઈઓ માટે જેટ્ટી નું બાંધકામ, પીવા નું પાણી, ગાવઠણ ની સીમા નિશ્ચિત કરવી, તળાવોનું સુશોભીકરણ વગેરે અનેક કાર્ય પ્રગતિ પથ પર છે.

ગૃહિણીઓ માટે રસોઈ ગેસ ની સુવિધા નું મોટું કાર્ય મા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી ના નેતૃત્વ હેઠળ ની કેન્દ્ર સરકારે કર્યું છે. ગોપાલ શેટ્ટી ના પ્રયાસો થી “ચૂલા મૂકત ઉત્તર મુંબઈ” અભિયાન દ્વારા લગભગ ૨૦૦૦૦ મહિલાઓ ને સસ્તા દરે ગેસ કનેકશન અને સાથે ચૂલો મફત માં આપવા ની યોજના દેશ ભર માં ચર્ચા નો વિષય બની આ યોજના ની સફળતા ને ધ્યાન માં રાખી કેન્દ્ર સરકારે આ યોજના ને ‘ઉજ્જવલા + (પ્લસ)’ નામ આપી આ યોજનાને આખા દેશ માં લાગુ કરી.

મુંબઈ એરપોર્ટ નું નામ "શિવાજી મહારાજ એરપોર્ટ" તરીકે ઓળખાતું હતું, ગોપાલ શેટ્ટી એ પત્રવ્યવહાર કરી એરપોર્ટ નું નામ "છત્રપતિ શિવાજી મહારાજ આંતરાષ્ટ્રીય વિમાન મથક" નામ આપી એનું સન્માન વધાર્યું.

મુંબઈ ના ઉપનગર કાંદિવલી ખાતે "ડૉ.બાબાસાહેબ આંબેડકર શતાબ્દી હોસ્પિટલ" ના પ્રાંગણ માં મહામાનવ ડૉક્ટર બાબાસાહેબ આંબેડકર ની પૂર્ણ કદ ની પ્રતિમા મુકવામાં આવી. મુંબઈ ના ઉપનગરનું ગૌરવ વધાર્યું.

પ્રાથમિક સુવિધા ના નિર્માણ માટે ઉત્તર મુંબઈ માં રસ્તાઓ માટે મોટું નેટવર્ક તૈયાર થઈ રહ્યુ છે. સ્વામી વિવેકાનંદ માર્ગ, માલવણી થી માર્વે ના રસ્તા પહોળા કરવાનું કામ પ્રગતિ પથ પર છે. કૌશલ્ય વિકાસ યોજના હેઠળ ઉત્તર મુંબઈ લોકસભા ક્ષેત્ર માં ભરપૂર કામ થયું છે. ૧૫૦૦૦ યુવકોને સ્વયંરોજગાર યોજના હેઠળ અને ૫૦૦ મહિલાઓ ને રોજગાર ની તક મળી છે.

ઉત્તર મુંબઈ એટલે બગીચાઓની નગરી તરીકે ઓળખાય છે. છેલ્લા ૫ વર્ષ માં આ બાબત માં ભરપૂર કામ થયું છે. દહિસર થી માલવણી તથા સમુદ્ર કિનારેના કોળી ગામોમાં બગીચા અને તળાવ સુશોભીકરણ નું કામ પ્રગતિ પથ પર છે. યુવાનો માટે રમત-ગમત ના મૈદાનો ની સુવિધા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

મલાડ માં કેન્દ્રીય બાંધકામ વિભાગ ના તાબા હેઠળ નો ૨૦ એકર નો પ્લોટ બગીચા, કેંદ્રીય વિદ્યાલય તથા ખેલ કુદ માટે  માટે ઉપલબ્ધ કરાવવા માં આવ્યો છે.

પોઈસર જીમખાના, સ્વાતંત્ર્યવીર સાવરકર ઉદ્યાન, ઝાસી કી રાની ઉદ્યાન, પુ.લ. દેશપાંડે ઉદ્યાન, વામનરાવ પૈ ઉદ્યાન જેવા અનેક ઉદ્યાન ને લીધે ઉત્તર મુંબઈ ની એક આગવી ઓળખ નિર્માણ થઈ.

સ્વ. બાળાસાહેબ ઠાકરે ક્રીડા સંકુલ (૧૫ એકર) સ્વ. પ્રમોદ મહાજન ક્રીડાંગણ (૧૩ એકર) નું કાર્ય ઝડપભેર ચાલી રહ્યું છે. ચારકોપ સેક્ટર ૮ ના પ્લોટ પર નવા ગઝેબો અને બગીચા નુ સુશોભીકરણ નુ કાર્ય પુરૂ કરવામાં આવ્યું છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ના નેતૃત્વ હેઠળ ની અનેક કલ્યાણકારી યોજના તથા મહારાષ્ટ્ર ના લોકપ્રિય મુખ્યપ્રધાન માનનીય શ્રી દેવેન્દ્ર ફડનવીસ દ્વારા અનેક લોકાભિમુખ પૂર્નવિકાસ ની યોજનાઓ અને મેટ્રો ના કાર્ય માટે મુંબઈ શહેર ની ઓળખ બદલાય રહી છે.

ઉત્તર મુંબઈ લોકસભા ક્ષેત્ર માં ભાજપ શિવસેના યુતિ ના ૮ વિધાનસભ્ય અને ૩૭ નગરસેવક આપ ની સેવા માં કાર્યરત છે. ભવિષ્ય માં ઉત્તર મુંબઈ ના વિસ્તાર ને ધ્યાન માં રાખતા બોરીવલી એ એક મહત્વનું આર્થિક કેન્દ્ર તરીકે ઉપસી રહ્યુ છે.

આ ક્ષેત્ર ના પૂર્ણ વિકાસ માટે **ભા.જ.પ., શિવસેના, આર.પી.આઈ. મહાયુતિનો ઉમ્મેદવાર ગોપાલ શેટ્ટી ને પ્રચંડ બહુમત થી વિજયી કરવા** આપ સૌ ને મતદાન કરવા નમ્ર વિનંતી.

**વંદે માતરમ્ !**

प्रकाशक : गणेश खणकर (जिल्हा महामंत्री) मुद्रक : जगदीश पटेल (Mbm Corporation) 9930222752 प्रत: १५००० दि.१५-०४-२०१९